" સાફલ્યગાથા "

તા.૨૫/૧૧/૨૦૧૩ થી ૦૧/૧૨/૨૦૧૩

## મુદ્દા નંબર (૧) જો જિલ્લા કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય, કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોય.

- ખોવાયેલ બાળકો શોધી કાઢવા માટે જિલ્લાના તમામ થાણા અમલદારો તેમજ મીસીંગની અલગ-અલગ ટીમો ધ્વારા બાળકો શોધી કાઢવા સઘન પ્રયત્નો શરૂ રાખવામાં આવેલ છે.
- ગુમ થયેલ બાળકોના ફોટાઓ પ્રસિધ્ધ કરવા, મુળ સરનામે ટીમો મોકલી વધુમાં વધુ ગુમ થયેલ વ્યકિત/બાળોકો શોધી કાઢવા પ્રયત્નો ચાલુ છે.

### જિલ્લામાં બનેલ વિવિધ ગુનાઓમાં પકડી પાડેલ આરોપીની માહિતી

- બારડોલી । ૨૮૪/૦૧૩ ઇ.પી.કો.કલમ- ૩૭૯, ૧૧૪ મુજબ ના ગુનાના કામે આરોપી (૧) લક્ષ્મણભાઇ પરબતભાઇ કેશવાળા રહે. બેરણગામ તા.જી.પોરબંદર (૨) અમીત ઉર્ફે ટીકુ અર્જુનભાઇ ચૌધરી રહે. સુરાલી પટેલ ફળીયું તા.બારડોલી જી.સુરત નાઓ પૈકી તોહ.નં.૧ ને ૨૮/૧૧/૨૦૧૩ કલાક ૧૪/૦૦ અને તોહ.નં.૨ ને કલાક ૧૪/૧૦ વાગે અટક કરવામાં આવેલ છે.
- કોસંબા । 235/2013 IPC 324, 504, 506(2), 114 મુજબના ગુનાના કામે (૧).ખાલીદ અસરાર જમીનદાર રહે-કોસંબા ખાંનજી પટેલની ચાલ તા.માંગરોલ જી.સુરત (૨).આબીદ જેના પુરા નામની ખબર નથી રહે-કોસંબા પોસ્ટ ઓફીસ ની બાજુમાં તા.માંગરોલ જી.સુરત નાઓને ૦૧/૧૨/૨૦૧૩ કલાક ૦૨/૦૫ વાગે અટક કરવામાં આવેલ છે.

# સુરત ગ્રામ્ય જિલ્લામાં કુટુંબ સહાયતા કેન્દ્ર મારફતે કરેલ કામગીરીની વિગત

| ક્રમ | તારીખ | સ્થળ | શ્રોતા વર્ગ | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨૫/૧૧/૨૦૧૩ | ભેસુદલા, તા. બારડોલી | ગ્રામજનો | ૭૫ |
| ૨ | ૨૭/૧૧/૨૦૧૩ | ઉમરખડી, તા. માંડવી | ગ્રામજનો | ૧૫૦ |
| ૩ | ૨૯/૧૧/૨૦૧૩ | જ્ઞાનદીપ હાઇસ્કુલ, ગામતળાવ ખુર્દ, તા.માંડવી, જી.સુરત. | વિધ્યાર્થી (વ્યસનમુક્તિ તથા છેડતી અંગે જાગૃતિ) | ૧૦૦ |

તા-૧૯/૧૧/૨૦૧૩ના રોજ જલારામ જન્મ-જ્યંતિ નિમિતે ગોપરા ગામના જલારામ મંદિર ખાતે આયોજીત રક્તદાન કેમ્પમાં કુ.સ.કે.ની કામગીરી તથા સમસ્યાગ્રસ્ત માટે ગ્રામજનો સમક્ષ જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો.





તા-૨૭/૧૧/૨૦૧૩ના રોજ ઉમરખડી, તા.માંડવી ખાતે માંડવી પોલીસ સ્ટેશન, સુરક્ષા સેતુ,માંડવી તથા કુ.સ.કે.ના સંયુક્ત ઉપક્રમે વ્યસનમુક્તિનો કાર્યક્રમ





તા-૨૯/૧૧/૨૦૧૩ના રોજ જ્ઞાનદીપ હાઇસ્કુલ, ગામતળાવ ખુર્દ, તા.માંડવી, જી.સુરત. ખાતે ધો.૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ સમક્ષ છેડતી, રોડ-રોમિયો, પરીક્ષા સમયે માનસિક તણાવ, કારકિર્દી અંગે મૂંઝવણ અંગે જન-જાગૃતિ કાર્યક્રમ





# માંગરોળના ગ્રામ્ય વિસ્તારમાં આરટીઓ દ્વારા માર્ગ સલામતી જનજાગૃતિ કાર્યક્રમ

**માંગરોળ, તા. ૨૯**

માંગરોળમાં આર.ટી.ઓ. દ્વારા પ્રથમવાર ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ-સલામતી અને જનજાગૃતિ માટે માર્ગ સલામતી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે માંગરોળ પોલીસ મથકના સહયોગથી તાલુકાના માંગરોળ-મોસાલી-બોરસદ-નાની-નરોલી ખાતે પ્રચાર-પ્રસાર ટીમવાન સાથે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

માંગરોળ પોલીસ મથકના પો.સ.ઈ. એમ.બી. ગોહિલ અને રોડ સેફટી ટ્રેનર બ્રિજેશ વર્મા અને એમની ટીમ દ્વારા એસ.પી.એમ. હાઈસ્કૂલ (માંગરોળ), મોસાલી ચાર રસ્તા, બોરસદ ગ્રામ પંચાયત અને નાની-નરોલીની વેલફેર હાઈસ્કૂલ ખાતે આ કાર્યક્રમો રાખવામાં આવ્યો હતો. જેમાં વાહન પાર્ક કરવા અંગેના નિયમો, સિટબેલ્ટ અકસ્માત નિવારવા માટેની અગત્યની બાબતો, વાહનચાલક કે માલિકે જે દસ્તાવેજો સાથે રાખવાનાં હોય છે તેની વિગત, શિખાઉ લાઈસન્સ, લાઈસન્સની પરિક્રમા, પાકુ લાઈસન્સ, બેઝ, લાઈસન્સ રીન્યુ, મોટર વાહનમાં ગુના માટે કરાયેલા દંડની જોગવાઈ ટ્રાફિકની નિશાનીઓ વગેરેઓની ચિત્રો સાથે સમજૂતી આપી હતી. આ ઉપરાંત સીગારેટ, શરાબના સેવનથી જે નુકસાન થાય છે એ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. એક ગણતરી મુજબ દુનિયામાં ૧૩ લાખ લોકો અકસ્માતથી મૃત્યુ પામે છે, ઈ.સ. ૨૦૧૧માં ભારતમાં એક લાખ ત્રેસઠ હજાર લોકો અકસ્માતથી મૃત્યુ પામ્યા હતા. જેમાં ૮૦ ટકા યુવાનો હતા. જ્યારે પાંચ લાખ લોકો ઈજા પામ્યા હતા. એમણે હેલમેટ અને સિટ બેલ્ટનો ઉપયોગ કરવા ઉપર ભાર મૂક્યો હતો. વાહન ગોઠવેલ પ્રોજેક્ટર મારફતે પણ ઘણી સમજૂતીઓ આપવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ માહિતી ધરાવતા પ્રેફલેટ અને બુકલેટો વિના મૂલ્યે વહેંચવામાં આવી હતી.

માંગરોલ પો.સ્ટે.દ્વારા આર.ટી.ઓ.ના સહયોગથી માર્ગ સલામતી જનજાગૃતિ કાર્યક્રમ